સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૧

કાઢે મન-ઘડંત અર્થ, ન્યાયને નચાવી લે છે,
સાત કોઠા જેવી અન્યાય-કોર્ટો ય બચાવી લે છે,
કચકચાવી લે દાંત, માહિતી અધિકાર વાળા -
નકટા નેતાઓ મોટાં અપમાન પચાવી લે છે..

હાઈકુ

કાંગારૂઓ એ
લીધું પેટ-થેલીમાં -
બચ્ચાં ટીમને..
(સાત વિકેટે..)

બતાવે ક્યાંથી?
ઢાંકે ફેસ-બૂકમાં -
ચહેરો અન્ના..
(ટીમમાં ફાટફૂટ)

ચિંતન

જન્મ બ્રહ્મકુલે અગ્રજો ધનપતિર્ધઃ કુંભકર્ણા અગ્રજાઃ સૂનુર્વાસનજિત્સાયં દરાગિરા દોર્દંડકા વિંશતિઃ ।
અસ્ત્રં કામગમં વિમાનમજયં મધ્યસમુદ્રં પુરી સર્વ નિષ્ફલમેતદેવ નિયતં દૈવ પરં દુર્જયમ્ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાયના 'નસીબનો મહિમા' પ્રકરણનો આ શ્લોક છે :

'બ્રાહ્મણના કુળમાં જેનો જન્મ છે, ધનપતિ કુબેર જ જેના મોટાભાઇ છે, અને કુંભકર્ણ જેવો મહાબલિ જેનો નાનોભાઇ છે ઇંદ્ર પર વિજય મેળવનાર (ઇન્દ્રજીત) મેઘનાર જેનો પુત્ર છે અને જે પોતે જ દશમાંથી (જેટલું બુધ્ધિબળ) અને વીસ હાથ (જેટલું બાહુબળ) ધરાવે છે, જેની પાસે અજય અને અમોઘ શસ્ત્રોનો ભંડાર છે અને કામના પ્રમાણે ગતિ અને દિશા પકડતું વિમાન છે, સમુદ્રની વચ્ચે જેની સુવર્ણની નગરી (લંકા) છે, એવા એ રાવણનું, આ બધું જ નિષ્ફળ (લંકા) છે, અને રણસંગ્રામમાં વેરણછેરણ થયો. આ ઉપરથી એમ કહી શકાય કે દૈવ-નશીબ-ભાગ્ય-દુર્જય છે એને કોઇ જીતી ન શકે અર્થાત ભાગ્ય પાસે સૌ લાચાર જ છે.'

આજે આપણે જોઇએ છીએ મોટા મોટા પોલીસ અધિકારીઓ જેલમાં સબડે છે, પ્રધાનો પણ જેલમાં કે ઢદપાર છે અધિકારી-સત્તાધીશો કોર્ટ અને તપાસના સાણસામાં સલવાણા છે, પ્રધાનોને એક દિવસમાં સત્તા પરથી રાજીનામું આપી ઘેર બેસી જવું પડે છે, આ બધું નશીબના ખેલ નહીં તો બીજું શું છે?

સુવિચાર

- જો પશુઓ અને વૃક્ષો પણ માનવતાની સેવા કરતાં હોય તો મનુષ્યનો વિચારવંત પ્રાણી છે - એસ. ભટ્ટાચાર્ય
- સેવા કરવા તત્પર રહો પણ કોઇની સેવા ન લેવી પડે એવી ઇચ્છા રાખો- મહાવીર પ્રસાદ
- જગતમાં સૌથી મોટો અધિકાર સેવા અને ત્યાગથી જ પ્રાપ્ત થાય છે - પ્રેમચંદજી
- પોતાનાં દુઃખનો વિચાર કર્યા વિના બીજાને જે સુખ આપે તે જ સાચો સેવક ગણાય - ટોલ્સટોય
- સેવાભાવથી કરેલ કોઇ પણ કાર્યની સુવાસ સર્વત્ર દેખાય છે - પાંડુરંગ આઠવલે
- ભૂખ્યાંને અન્ન, તપસ્યાંને પાણી, નવસ્ત્રાંને વસ્ત્ર બિમારની ચાકરી એજ ઇશ્વરની સેવા છે - રણછોડદાસજી મહારાજ
- જનસેવા એજ પ્રભુ સેવા છે - સંત પુનિત

બોધ કથા

આપણે ભૌતિક સુખ-સમૃધ્ધિ, સવલતોને સુખ સમજીએ છીએ, ગાડી-બંગલાએ સુખ નથી કછ ઘડીએ 'તપાસ', 'રેડ', 'લૂંટ', 'ચોરી'-'ઘરતીકંપ' આવી જાય અને તમારી દૃષ્ટિનું બધું 'સુખ' નાશ પામે, સુખ 'સાશ્વત' હોવું જોઇએ. માનસિક શાંતિ સાથે આત્માનો આનંદ મળે તે સાચું સુખ છે.

એક વાર એક અભિમાની-ઘમંડી સમ્રાટે ચિંતક સોલનને પોતાના રાજમહેલ, ધનભંડાર અને સમૃધ્ધિ બતાવવાના ઇરાદે મહેલમાં નિમંત્રણ આપી મહેલમાં ફેરવ્યા અને બધી જ સમૃધ્ધિ બતાવી માન-પાન સાથે જમાડ્યા, ભેટ આપી અને વિદાય વખતે પૂછ્યું, 'શું આપને એમ નથી લાગતું કે દુનિયામાં સૌથી વધારે સુખી માણસ હું જ છું?!'

સોલન તો નિર્ભય રીતે બોલ્યો, રાજન! આ બધું ક્ષણભંગુર સુખ કહેવાય-આજ છે કાલ ન પણ રહે, તારા જેવા મૂઢ લોકો આને સુખ માને છે પણ આ સુખ નથી.

રાજા ગુસ્સે થયો અને સોલનને કેદમાં પૂરી નાખ્યાં.

થોડા જ દિવસોમાં આક્રાંતા પ્રદેશના રાજાએ અચાનક હુમલો કરી રાજાને હરાવ્યો અને તેની જ કેદમાં પૂર્યો. સોલનની સામેની જ કોટડીમાં રાજાને પૂર્યો. સોલન તો પોતાની મસ્તીમાં હતા.

રાજાએ પોતાની કોટડીમાંથી કહ્યું, 'સોલન, મને માફ કરો, તમે સાચા હતા.'

ગણિત વિષય માટે એવું કહેવાય છે કે એક પદ જો ખોટું મૂક્યું તો આખો દાખલો ખોટો પડે છે, એમ જિંદગીમાં પણ ખોટી સંગત લાગી તો આખી જિંદગી ખતમ થઇ જશે

હું રસ્તે રઝળતી વારતા

- અચના પટેલ

ગુજરાત સરકારે વ્યસન વિરોધી આંદોલન ચાલું કર્યું છે. ગુજરાતમાં વ્યસનને સ્થાન નહીં. એ માટે ઘણાં શહેરોમાં તો ગુટખાઓની હોળી કરવામાં પણ આવી. આપણે એ જોવું જોઇએ કે વ્યસન કંઇ ઉંમરે સૌથી વધારે જોવા મળે છે.

બાળકનું બાળપણ અને યુવાનીવસ્થા એ વિદ્યાર્થી સમયનો વસંતકાળ છે. આ સમયે બાળકમાં ઊર્જાશક્તિ, ઉત્સાહ અને ઉમંગથી ભરપૂર જીવન એટલે બાળપણ. બાળકની વિદ્યાર્થી અવસ્થામાં જો જીવન નિર્માણનું સાચું માર્ગદર્શન મળી જાય તો જીવન રૂપી બાગમાં અનેક સફળતાઓનાં ફૂલ ખીલવા માંડે છે. વિદ્યાર્થી અવસ્થા એટલે ભવિષ્યનો આધારે જેના આધારશિલા બનવા જઇ રહી છે તે. વિદ્યાર્થી જીવનમાં જો યોગ્ય દિશાસૂચન મળે, યોગ્ય માર્ગદર્શન મળે, સારા મિત્રોની સંગત મળે તો સોનામાં સુગંધ ભળવા જેવું કામ થાય. દરેક મા-બાપ અને શિક્ષકોને એજ ભાવના અને ઇચ્છા હોય છે કે મારું બાળક કે મારો વિદ્યાર્થી એક આદર્શ નાગરિક બને.

વિદ્યાર્થી અવસ્થા એક એવી ઉંમર છે. જેમાં વ્યસન, ફેશન, અને ટીવીએ વિકાસને અવરોધક પંથે વિદ્યારથીને લઇ જાય છે. આપણે એક વાલી કે શિક્ષક તરીકે વિચારવું જોઇએ કે નાની ઉંમરના બાળકો ગુટખાના બંધાણી કેમ બની જાય છે. આપણે તેના મૂળ સુધી પહોંચવાનો પ્રયત્ન કરવો જોઇએ.

તમાકુમાં એક ભયંકર ઝેર રહેલું છે, જેને આપણે 'નિકોટીન' કહીએ. તે માણસના શરીરમાં જઇ ધીરે ધીરે અસર કરવાનું ચાલુ કરે છે. અંતે એક સમય એવો આવે છે કે માણસનું મૃત્યુ થાય છે. આ તમાકુમાં રહેલા ઝેરી તત્ત્વો ફેફસાં અને હૃદય સુધી પહોંચીને માણસને રોગિષ્ઠ અને અશક્ત બનાવે છે. તમાકું મગજને સાવ નિષ્ક્રિય બનાવી દે છે. તમાકુ ખાનારને ઠેરઠેર થૂંકતા રહેવાની કુટેવ પડી જાય છે.

નશાબંદી કરવી કરાવવી એ માત્ર સંસ્કારનું જ કાર્ય નથી. આપણા સૌનો એ રાષ્ટ્રીય ધર્મનું ઉત્તરદાયિત્વ છે. અને આનો ઉપાય કેળવણી છે. કેળવણી જ તંદુરસ્તીની ખિલવણી કરી શકે છે. 'નશો નાશનું મૂળ' આ વાક્ય માણસને નશાથી સાવધ રહેવાનું સૂચવે છે. રસ્તા પર જયાં જુઓ ત્યાં ગલ્લાઓમાં અને ખુલ્લી લારીઓમાં ગુટખા અને પડીકીઓ મળતી હોય છે. જે રાષ્ટ્રના યુવાનોને અધોગતિ તરફ લઇ જાય છે. તમાકુના ખેતરને ક્યારેક વાડ બનાવવામાં આવતી નથી કારણ કે તમાકુ એ એવી વસ્તુ છે જેને પ્રાણીઓ પણ ખાતા નથી જયારે આપણે તો સૌ સમજુ વિચારશીલ સામાજિક પ્રાણીઓ જેને તમાકુ ખાધા વગર નથી ચાલતું.

ગણિત વિષય માટે એવું કહેવાય છે કે એક પદ જો ખોટું મૂક્યું તો આખો દાખલો ખોટો પડે છે. એમ જિંદગીમાં પણ ખોટી સંગત લાગી તો આખી જિંદગી ખતમ થઇ જશે.

ફેશન નામના વ્યસને આપણી આખી જિંદગીને તેના વશમાં કરી દીધી છે. આપણી ભવ્ય ભારતીય સંસ્કૃતિને ઓળખ કરતાં પોશાક, રીતરિવાજ, રહેણીકરણી અને જીવલશૈલી જ વિદ્યાર્થીના જીવનમાં સંસ્કારના ખોટા અનુકરણને લીધે આપણી સંસ્કૃતિ ક્યાંક ઘરના ખૂણામાં મૃતઃપ્રાય પરિસ્થિતિમાં પડી છે. ફેશન એ હાલના સમયમાં જીવનનો પર્યાય બની ગઇ છે.

ચિત્રવિચિત્ર પ્રકારની વેશભૂષા અને પશ્ચિમી સંસ્કૃતિનું ખોટું અને આંધળું અનુકરણ એ સારા વ્યક્તિત્વનું અને સારા માણસોનું પ્રતિક ના બની શકે. દરેક દેશ એ સમય અને પરિસ્થિતિ પ્રમાણે જ્યાંની સંસ્કૃતિ, તેના રીતરિવાજ અને સામાજિક પરિવેશમાં જે એકતા હોય છે. તેના પ્રમાણે રહેવામાં અને જીવવામાં જ આપણી મોટાઇ, સાદગી અને શાલિનતા અને સંસ્કૃતિનું ગૌરવ માની શકાય છે. આપણાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી ભારતીય વેશભૂષાના ચુસ્ત આગ્રહ રાખનાર પરમ ભક્ત હતા.

'ગીતાંજલી' ના રચયિતા અને જાણીતા બંગાળી લેખક રવીન્દ્રનાથ ટાગોરે કહ્યું છે 'જયાં સુધી સમાજ આધુનિકતાના સંદર્ભમાં વેશભૂષાને મહત્ત્વ આપતો રહેશે ત્યાં સુધી તો સાચા અર્થોમાં આધુનિક નહીં બની શકે કે સભ્ય કહેવાને લાયક નહીં બને. આપણે પ્રગતિશીલ છીએ, તેનો માપદંડ સમય પ્રમાણે વ્યક્તિત્વમાં આવેલી જાગૃતિ તથા સુસંસ્કારિતા હોવો જોઇએ, નહીં કે ફેશનના નામે ચાલતાં ચિત્રવિચિત્ર વસ્ત્રોન્ પ્રદર્શન. જો અંગપ્રદર્શન કરનારા ટૂંકા અને તંગ વસ્ત્રોને જ પ્રગતિશીલતાનું પ્રતિક માની લેવામાં આવે તો પછી એમ કહેવામાં અતિશયોક્તિ નહિ ગણાય કે આપણે પ્રતિગામિતાના તે આદિ યુગ તરફ જઇ રહ્યાં છીએ, જયાંથી બિલકુલ નિર્વસ્ત્ર સ્થિતિમાં જ મનુષ્યનો વિકાસ થયો હતો.'

એક વાર સ્વામી વિવેકાનંદ અમેરિકા ગયા હતા. ત્યાંના કોલેજિયન યુવતીઓ સ્વામીને ભારતીય પોશાક વિશે હાંસી ઉડાવતા હતા. સ્વામી વિવેકાનંદની હાંસી ઉડાવતી કોલેજિયન યુવતીઓએ સ્વામીજીએ આપેલો જવાબ આપણને યાદ રાખવા જેવો છે - 'તમારા દેશમાં વ્યક્તિની ઓળખ વસ્ત્રોથી થાય છે જયારે મારા દેશમાં વ્યક્તિની ઓળક તેના સંસ્કારોથી થાય છે.'

ટી.વી. જોવાથી આંખો અને શરીરને નુકશાન થાય છે. એમાંય ખાસ કરીને વિદ્યાર્થી જીવનને અવરોધે છે. સામાન્ય રીતે ટી.વી.માં આવતા કાર્યક્રમોમાં હિંસા, ભય, અત્યાચાર અને અશ્લીલતા પીરસતાં દૃશ્યો બાળકોમાં કુમળા માનસને પ્રભાવિત કર્યાં વિના રહેતાં નથી.

ટીવી જોવાથી બાળકોને ઘણી ખરાબ બાબતોનો સામનો કરવો પડે છે.

- બાળકનું જીવન અનિયમિત બને છે, બેઠાડું જીવન બને છે. પરિણામે પાચનતંત્રના રોગો વધે છે.
- ટી.વી.ના રેડિયેશનથી શરીર પર વિપરિત અસર પડે છે.
- આંખો નબડી પડે છે, મગજની નિર્ણયશક્તિ ઘટે છે, જ્ઞાનતંતુઓ નબળાં પડે છે.
- ઉત્તેજનાત્મક દૃશ્યોથી બાળક નિરાશા, હતાશા, એકલતા વગેરે માનસિક રોગોથી પીડાય છે.
- રમતગમતમાંથી રસ તુટે છે અને જીવંત વસ્તુઓનું સાંનિધ્ય ઘટે છે.
- સંગીત, કળા, લેખન અને રમતગમતની રૂચિ ઘટી જાય છે. કાલ્પનિક દુનિયામાં રાચી, વાસ્તવિક જીવન ધ્યેયને ક્યારેય વિચારતો નથી.

અલબત્ત કેટલાંક ટી.વી. ઉપર આવતાં કાર્યક્રમો તંદુરસ્ત મનોરંજન પૂરું પાડે છે. જ્ઞાન સાથે ગમ્મત પીરસે છે અને માણવાલાયક પણ હોય છે. પરંતુ વિદ્યારથીઓ તેમાં ક્યારેય રસ કે રૂચિ ધરાવતાં નથી. વિવિધ ચેનલો દ્વારા પ્રસારિત થતાં કાર્યક્રમોને જોવામાં પણ ખૂબ જ વિવેક અને સંયમ રાખવો જરૂરી બને છે.

વિદ્યાર્થી અવસ્થા એટલે શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવાનો સ્વર્ણિમ સમય. વિદ્યાર્થી અવસ્થામાં બાળકો પાસે વિકસવાનો સમય હોય છે. પરંતુ સમજણ ક્યારેય હોતી નથી અને જયારે સમજણ આવે છે ત્યારે સમય વીતી ગયો હોય છે. વિદ્યાર્થીઓ, વ્યસન, ફેશન અને ટી.વી.થી જેટલાં વેગડા રહે છે, તેટલાં જ તેઓ હોંશિયાર અને બુધ્ધિશાળી બને છે.

શાળાઓમાં આપણે વિદ્યાભ્યાસ માટે એવું તંદુરસ્ત વાતાવરણ સર્જીએ કે જેથી વિદ્યાર્થીઓને શાળા ગમે, શાળામાં આવવું ગમે, ભણવું ગમે, ગુરૂજીઓ ગમે અને કહેવું ગમે કે આ મારી પોતાની શાળા છે. આ શાળા માટે મને ગર્વ છે.

વર્તમાન સંદર્ભે ઘણું કહી જતી જંગલ પ્રજાસત્તાકની પ્રાણી કથા

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

આજથી ઑકટોબર માસ શરૂ થયો છે. ૨, ઑકટોબર મહાત્મા ગાંધીજીની જનમ જયંતિ આવે એટલે આઝાદીની લડતના દિવસોની યાદ તાજી થાય. સ્વતંત્રતાના આંદોલનના દિવસોને યાદ કરવામાં આવે. સત્ય, અહીંસા, સાદગી અને આંદોલનો પછી મળેલ આઝાદીમાં શ્વાસ લેતા ભારતના નાગરીકો તેના સાચો અનુભવ કરી શકે તે માટે રાજાશાહીના વિકલપ તરીકે લોકશાહી શાસન વ્યવસ્થા ઉભરી આવી છે. તો પછી લોકશાહીમાં આ રાજાઓ આવ્યાં કયાંથી? લોકોના ટેરવાનો સમયાંતરે શાહી લગાવવા ઉપયોગ થાય એ જ લોકશાહી? આ બધા પ્રશ્નો માનવના સંદર્ભમાં તો ચર્ચાતા જ રહે છે. કારણ કે માનવ અસ્તિત્વના પ્રથમ દિવસથી જ માનવ જાત શાસન વ્યવસ્થાની તલાશ કરતી રહી છે. ત્યારે એક જુદા જ દૃષ્ટિકોણથી એ સરળશૈલીમા અને રસાળ ઘટનાઓ દ્વારા જંગલ - પ્રજાસત્તાક : વર્તમાન પ્રાણીકથા દ્વારા કેટલાક પ્રશ્નો ઉઠાવવામાં આવ્યાં છે. ઑકટોબર માસ એટલે વન્યજીવન સપ્તાહની ઉજવણીનો માસ પણ છે ત્યારે આ વાત કહેવાનું મહત્ત્વ એ રીતે પણ વધી જાય છે.

વન્ય પ્રાણી સપ્તાહ દરમિયાન વનનાં પ્રાણીઓ પ્રત્યે સંવેદના જાગે, તેમને બચાવવા માટેના પ્રયત્નો થાય લોકોમાં તે માટે જાગૃતિ આવે તેવા પ્રયાસો કરવામાં આવે છે. ત્યારે ખરેખર માનવ જાત વિષે વન્ય જીવોનો નાશ કર્યો છે તે જોતાં વન્ય પ્રાણીઓ તેમનાં જંગલની શાસન વ્યવસ્થા દ્વારા કંઇક કરવા ઇચ્છે તો શું કરે? માનવની શાસન - વ્યવસ્થાની તલાશનું શોષણ થાય છે? આમ તો લોકશાહીને શ્રેષ્ઠ શાસન વ્યવસ્થા ગણવામાં આવે છે પણ શું આપણે જંગલના કાયદાઓને તિલાંજલી આપી શકયા છીએ? જંગલ રાજમાં પ્રજાસત્તાક અસરકારક નિવડી શકે? લોકશાહી શાસન વ્યવસ્થા રાજાશાહીના વિકલ્પ તરીકે ઊભરી આવી છે છતાં તે સફળ થઇ શકે તેમ છે?



આ બધા પ્રશ્નોના જવાબ મેળવવા માટે તમારે 'જંગલ પ્રજાસત્તાક વર્તમાન પ્રાણી કથા' પુસ્તક વાંચવું જ રહ્યું. નાનાં મોટાં થઇને પડ પ્રકરણોમાં આગળ વધતી આ પ્રાણીકથા જેટલી કાલ્પનિક છે તેટલી જ માનવ જીવન અને શાસન વ્યવસ્થાની વાસ્તવિકતાને ખુલ્લી પાડતી તેની નબળાઇઓ અને ભયસ્થાનોને ઉજાગર કરતી વાસ્તવદર્શી કથા છે. પંચતંત્રની વાર્તાઓમાં માનવ માટે જે રીતે કથાઓ કહેવાઇ છે તેમ અહીં આધુનિક શૈલીમાં માનવની પ્રજાસત્તાકની વિભાના વિષે પ્રાણી જગત શું વિચારે છે એ વાત કરીને આપણે ખરેખર કયાં ઊભાં છીએ તેનો ચિતાર આપવાનો લેખકોએ એક સુંદર અને સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે. તેનો ખ્યાલ આપવા આ પુસ્તકમાંથી કેટલાંક અવતરણો આપવાનું મને ગમશે. જેમ કે - 'વરૂ અને શિયાળને કારોબારીમાં સમાવવાના નિર્ણયથી સિંહ નારાજ થયો. પણ વિરૂધ્ધમાં કંઇ બોલ્યો નહીં.' પોતે પ્રાણી શાહી પધ્ધતિમાં અમલવારી શરૂ કરાવી રહ્યો હોય ત્યારે પોતાને બિન પ્રાણીશાહી પણે વર્તવું યોગ્ય ન લાગ્યું.

છતાંય તેણે વાઘને ટકોર જરૂર કરી. 'હવે તમે આખા રાજયના પ્રતિનિધિ છો. રાજયના ઉત્કર્ષની જવાબદારી હવે તમારા ખભા ઉપર છે. તમારા પસંદ કરેલ કારોબારીના સભ્યોના કૃત્યોની જવાબદારી પણ તમારા શિરે રહેશે.'

તે પછીના પ્રકરણોમાં આવતા આ સંવાદો પણ ઘણું કહી જાય છે જૂઓ.

'વાંદરાજી તો સહ અસ્તિત્વના સિધ્ધાંતના સૌથી મોટા પુરસ્કર્તા હતા. એ ઉમદા હેતુ માટે એમણે પોતાના પ્રાણનું બલિદાન પણ આપી દીધું. યાદ રહે અમે એમની શહાદતને એળે નહીં જવા દઇએ. એ ભાઇચારા અને સહઅસ્તિત્વના સિધ્ધાંતને સમર્પિત હતા. અને અમે એ જ આદર્શો સાથે વાંદરા ચીંધ્યા માર્ગે ચાલી રહ્યાં છીએ. ત્યારે તમને ગધેડા ચીંધ્યો માર્ગ સારો લાગે છે? અને જો તમને ઘેટાં-બકરાંઓ માટે સામે જ સહાનુભૂતિ હોય તો લઇ જાઓ ને એમને તમારા વિસ્તારમાં... ના, પણ તમે એવું નહીં કરો... વધુમાં દરેક પ્રાણીની મૂળભૂત અધિકારીની રક્ષા કરવી એ અમારી બંધારણીય ફરજ છે. તમને ક્યારેય વિચાર શુધ્ધાં આવ્યો છે કે જો આપણે

(અનુસંધાન પાના નં. ૬ પર)

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૧લી ઓકટોબર

- ગરીબોની સેવાથી મોટી કોઇ સેવા-પૂજા નથી તેવું ચરિતાર્થ કરનારા થિયોસોફીકલ સોસાયટીના સ્થાપક મેડમ બ્લેવેટસીની જન્મ જયંતિ - ૧-૧૦-૧૮૪૭.

ભારતીય તત્ત્વજ્ઞાન - સંસ્કૃતિના ઉપાસક લોકમાન્ય તિલક સાથે રહી હોમરૂલ લીંગની સ્થાપના કરી. ભારતનું નાગરિકત્વ સ્વીકાર્યું. કોંગ્રેસના પ્રથમ મહિલા પ્રમુખ તેમની કબર પરના શબ્દો 'એણે સત્યને અનુસરવાનો પ્રયાસ કર્યો.'

- ૧૮૨૮ - ફ્રાન્સમાં રેલ્વે શરૂ થઇ.
- અ ા ' ધ્ર પ્ર દ ે શ (તામીલનાડુ) ભાષાકીય રાજ્ય તરીકે સ્થાપના.

- ૧૯૦૪ - મજદૂર પ્રવૃત્તિના કાર્યકર્તા શ્રી એ.કે. ગોપાલનનો જન્મ.

- ૧૮૯૮ - ગુજરાતી સાહિત્યના ગદ્યસ્વામી મણિલાલ નભુભાઇ દ્વિવેદીનું અવસાન.

...દિવસે દિવસે ડર સૂરજના મગજ ઉપર વધવા લાગ્યો, એક સ્ત્રીની લાશને આમ સગેવગે કરવી અને આ વાતની પોલીસને ખબર પડશે તો? આખી જિંદગી જેલમાં જવાની વાતથી તે ધ્રુજવા લાગ્યો, ઑફિસમાં કે ઘેર તેને ચેન પડતું ન હતું

નર્સ...એક પ્રેતકથા

(ભાગ-૪)

(રહસ્યનાં વમળમાં ઘૂમરાતી વાર્તા)

- હર્ષદરાય ઉપાધ્યાય

પથારીવશ શિલ્પા ઘસઘસાટ ઊંઘતી હતી. ઘેનની દવાની અસર હતી. પગથિયાં ઉપર કોઇક ઉપર તરફ સરકી રહ્યું હતું. અત્યારે આ નીરવ રાત્રી વધુ ભેંકાર ભાસતી હતી. ઉપર ઑફીસમાં સૂરજ થોડાક ઑફિસ કામમાં વ્યસન હતા. ત્યાં હળવેથી બારણું ખૂલ્યુ, પેલો ઓળો અંદર સરકી ગયો. આ બધું ખૂબ જ શાંતિપૂર્વક બની રહ્યું હતું. મોનિકાનું પ્રેત બંગલામાં પ્રવેશી ચૂક્યું હતું.

ખબર નહીં પણ કેમ અચાનક શિલ્પાની ઊંઘ ઓછી છતાં તેણે પડખું બદલ્યું. અને સહજભાવે બાજુમાં હાથ લાંબો થયો પરંતુ સૂરજ ત્યાં ન હતો. ઘેનવાળી આંખે શિલ્પાએ ઘડિયાળમાં જોયું તો લગભગ રાત્રીનો ૧ વાગ્યો હતો. તેને સૂરજની ચિંતા થઇ. વધુ પડતા કામથી તેની તબિયત બગડશે તો? અને શિલ્પા સૂરજને ઊંઘવાનું કહેવા રૂમની બહાર નીકળી. મગજ ભારે લાગતું હતું. અશક્ત શરીર લડખડાતું હતું. માંડ માંડ ખુલ્લી રાખતી આંખે તેણે સૂરજની ઑફિસમાં જોયું. જાણે વીજળીનો કરંટ લાગ્યો હોય તેમ તેની આંખો ફાટી ગઇ, શરીર ધ્રુજી ઉઠ્યું.

તેણે જોયું તો મોનિકાનું પ્રેત સૂરજે વળગી પડ્યું હતું. અને સૂરજ પણ તેના મોહપાશમાં બંધાઇને આનંદિત થતો હતો. શિલ્પાના મગજમાં તરત ઝબકાર થયો. ઘણી બધી વાતોની ગૂંચ જાણે કે ઉકલી રહી હતી. મોનિકા શું પ્રેત હતી? શું કોઇ જબરજસ્ત ચાલ તેના પતિનાં દ્વારા ચલાવાઇ રહી હતી? ગડમથલ કરતું તેનું મન દ્વિધામાં હતું. તે લગભગ લથ્થડીયું ખાતી પોતાના બેડરૂમમાં પરત ફરી. તે જેમ જેમ વિચાર કરતી ગઇ તેમ તેને સમજાવા લાગ્યું કે ઘણાં બધાંના કાવત્રાની તે ભોગ બની હતી. તેના મનમાં ન સમજાય તેટલી પીડા ઉભરાતી હતી. તે તેનું રૂદન ખાળી ન શકી. ખૂબ રડી. ઘણી વારે તે સ્વસ્થ હતી. તે તેનું રૂદન ખાળી ન શકી. ખૂબ રડી. ઘણી વારે તે સ્વસ્થ થઇ. મોનિકાના પ્રેતની વાતની માનસિક ચિંતા અચાનક જાણે કે ગાયબ થઇ ગઇ હતી, વિચારોના વમળમાં ગોથાં ખાતી તે મોડે મોડે ઊંઘી ગઇ.

સવારે તે જાગી ત્યારે સૂર્ય માથા ઉપર આવવામાં હતો તપાસ કરતાં તેને ખબર પડી કે સૂરજ સમયસર ઑફિસ જવા નીકળી ગયો હતો. પથારીમાં જાગી. બેઠી થઇ અને ઊંડા વિચારોમાં સરી ગઇ. છેવટે કશુંક સૂઝતાં તેણે મોબાઇલ હાથમાં લીધો.

નટુ સમયસર દવા આપવા આવ્યો ત્યારે શિલ્પાએ હસીને ના પાડી. નટુને બહુ વિસ્મય થયું. તેણે જોયું તો આજે શિલ્પા શેઠાણી બિમાર લાગતા નથી. વધુ રકઝક કરવી તેને યોગ્ય ન લાગી. તે ચાલ્યો ગયો. અને શિલ્પાનો મોબાઇલ અનેક વ્યક્તિઓ સાથે જોડાવા લાગ્યો. ધીરે ધીરે એક વાત તેના મગજમાં સ્પષ્ટ થઇ. તેના ચહેરા ઉપર રહસ્યમય હાસ્ય આવ્યું. કશુંક અજૂકતું બનવાના એ સંકેત હતા. તે કોઇક નિશ્ચય ઉપર આવી હોય તેમ જણાતું હતું.

સમય તેની રીતે વીતતો ચાલ્યો. ધીરે ધીરે તેની તબિયત સુધરવા લાગી હતી. સૂરજ અને ઘરના સૌને આ વાતની ખુશી હતી.

સમય જતાં થોડાક દિવસમાં શિલ્પા સ્વસ્થ બની ગઇ. દવાની અસર સારી થઇ એમ સૌ માનતાં હતા. વાસ્તવિકતા જરાક જુદી હતી.વળી પાછું સરસ વાતાવરણ થયું. ઘરમાં આનંદ કિલ્લોલ થવા લાગ્યો.

એક રાતની વાત છે. કદાચ કાળમીંઢ રાત્રી હશે જ. લગભગ સૌ નિંદ્રાધીન હતાં ત્યારે વહેલી સવારે સીડી માંથી કોઇ પટકાયું અને એક ચીસ સંભળાઇ. સૌ જાગી ગયા. તરત બંગલામાં બધે લાઇટ થઇ. આંખો ચોળતી શિલ્પા અને સૂરજ ધસી આવ્યાં. જોતાંની સાથે જ સૌ ભારે વિસ્મય પામ્યાં. કારણ કે ત્યાં મોનિકાના પ્રેતની લાશ પડી હતી. લોહીથી લથબથ, લાશને જોઇને સૌ સ્તબ્ધ બની ગયાં હતાં. કશું સમજ પડતું ન હતું. આ પ્રેત હતી તો લાશ કેવી રીતે બની? માત્ર સૂરજ અને શિલ્પાને જ સત્યની સમજ હતી. નોકરો અવાચક હતા. રાત્રીના અંધકારમાં સૂરજ અને નોકરોએ પોલીસને ગંધ ના આવે તેમ લાશની અંતિમ વિધિ કરી નાંખી. ભારે અજંપો ત્યાં ફેલાયેલ હતો. નોકરોને તો આખી વાત મગજમાં નહોતી ઉતરતી.

સૂરજના મગજમાં જાણે કે હથોડા વાગતા હતા. ભયથી તે પરસેવે નહાતો હતો. દિવસો વીતવા લાગ્યા. પણ દિવસે દિવસે ડર સૂરજના મગજ ઉપર વધવા લાગ્યો. એક સ્ત્રીની લાશને આમ સગેવગે કરવી અને આ વાતની પોલીસને ખબર પડશે તો? આખી જિંદગી જેલમાં જવાની વાતથી તે ધ્રુજવા લાગ્યો. ઑફિસમાં કે ઘેર તેને ચેન પડતું ન હતું.

થોડાક દિવસો વિત્યા, કશું નથી બન્યું તે વાતથી થોડી રાહત હતી. સૂરજ ને હવે ઊંગવા માટે ગેનની ગોળીઓ ગળવી પડતી હતી. એક રાત્રે ઑફીસથી મોડો આવી તે જમ્યો ન જમ્યો કરી બેડરૂમમાં આરામ માટે ચાલ્યો ગયો. શિલ્પા બાથરૂમમાં ફ્રેશ થવા ગઇ હતી. લમણે હાથ લઇ સૂરજ બેઠો હતો કેમ કે, તેનું માથું દુઃખતું હતું.

(અનુસંધાન પાના નં. ૬ પર)